# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-07-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયાની ત્રણ દિવસની સફળ મુલાકાત પૂર્ણ કર્યા પછી ઓસ્ટ્રેલિયા જવા રવાના.

2) પ્રધાનમંત્રીએ ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે યોગકાર્તામાં યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ પ્રમ્બાનન મંદિરની મુલાકાત લીધી.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાત કરીને તમામ શક્ય સહાયની ખાતરી આપી.

4) કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે સારા વરસાદના કારણે વરસાદની અછત ધરાવતા જિલ્લાઓની સંખ્યા 262 થી ઘટીને 178 થઈ.

5) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથે સંઘર્ષનો અંત લાવવા માટે થયેલો કરાર હવે અસરકારક નથી.

6) FIFA વિશ્વ કપ માટે ક્વાર્ટર ફાઇનલમાં આઠ દેશોની ટીમો ભાગ લેશે.

.....................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM AUSTRALIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયાની ત્રણ દિવસની સફળ મુલાકાત પૂર્ણ કર્યા પછી ઓસ્ટ્રેલિયા જવા રવાના થયા. ઓસ્ટ્રેલિયાની તેમની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન, શ્રી મોદી મેલબોર્નમાં તેમના સમકક્ષ એન્થોની અલ્બેનીસ સાથે ત્રીજા ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટમાં ભાગ લેશે. બંને નેતાઓ વચ્ચે ચર્ચામાં મહત્વપૂર્ણ ખનિજો, સાયબર સુરક્ષા ક્ષેત્ર, પુરવઠા શૃંખલા સ્થિતિસ્થાપકતા, ઉભરતી ટેકનોલોજી અને અન્ય ક્ષેત્રોમાં સહયોગને આવરી લેવામાં આવશે. પ્રધાનમંત્રી મોદી ભારત-ઓસ્ટ્રેલિયા મુખ્ય કાર્યકારી અધિકારી ફોરમમાં પણ ભાગ લેશે, જ્યાં તેઓ બંને દેશોના ટોચના ઉદ્યોગપતિઓના મેળાવડાને સંબોધિત કરશે.

# PM-INDONESIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવો સુબિયાન્તો સાથે યોગકાર્તામાં યુનેસ્કો વિશ્વ ધરોહર સ્થળ પ્રમ્બાનન મંદિરની મુલાકાત લીધી. પરંપરાગત સંગીત વાદ્યો અને શાસ્ત્રીય નૃત્યની મધુર ધૂન સાથે પ્રધાનમંત્રીનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી મોદીએ મુખ્ય શિવ મંદિરમાં પ્રાર્થના કરી અને ભારત-ઇન્ડોનેશિયા સહયોગ હેઠળ ચાલી રહેલા સંરક્ષણ કાર્યની સમીક્ષા કરી. પ્રધાનમંત્રી મોદીએ આ મુલાકાતને ઊંડો આધ્યાત્મિક અને યાદગાર અનુભવ ગણાવ્યો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે પુનઃસ્થાપન પ્રોજેક્ટ બંને દેશોના લોકો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

(BYTE : PM MODI – INDONESIA)

આ પ્રસંગે, ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપ્રમુખ પ્રબોવોએ કહ્યું કે પ્રમ્બાનન ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે સદીઓ જૂના સભ્યતાના સંબંધનું પ્રતીક છે. તેમણે મંદિર સંકુલના સંરક્ષણ અને પુનઃસ્થાપનમાં ભારતના સમર્થન બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી.

# JAISHANKAR-KUWAIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે કુવૈતના ક્રાઉન પ્રિન્સ શેખ સબાહ અલ-ખાલિદ અલ-સબાહ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી જયશંકરે જણાવ્યું હતું કે તેમણે ક્રાઉન પ્રિન્સને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે ભારત અને કુવૈત વચ્ચે દ્વિપક્ષીય સહયોગને આગળ વધારવા માટે ક્રાઉન પ્રિન્સની પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી. વિદેશ મંત્રીએ ખાડી ક્ષેત્રમાં વિકાસ પર પોતાના વિચારો આદાનપ્રદાન કરવા બદલ તેમનો આભાર પણ માન્યો.

# SHAH NAIDU

ગૃહમંત્રી અમિત શાહે આજે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ સાથે દેશના મુખ્ય વિમાનીમથક પર મુસાફરોની સુવિધાઓ, સુરક્ષા વ્યવસ્થા અને ઇમિગ્રેશન પદ્ધતિની સમીક્ષા કરી.

બેઠક દરમિયાન, શ્રી શાહે તમામ વિમાનીમથક પર સ્વચાલિત એક્સ-રે ટ્રે રિટર્ન પદ્ધતિના તબક્કાવાર સ્થાપનાનો નિર્દેશ આપ્યો.

ગૃહમંત્રીએ જણાવ્યું કે 2027 સુધીમાં તમામ રાજ્ય મુખ્યાલયોમાં વિદેશી પ્રાદેશિક નોંધણી કચેરીઓ કાર્યરત થવી જોઈએ. તેમણે એ પણ નિર્દેશ આપ્યો કે અગરતલા અને જેવર વિમાનીમથક પર અધિકૃત ઇમિગ્રેશન ચેકપોઇન્ટ શક્ય તેટલી વહેલી તકે કાર્યરત કરવામાં આવે.

# AMIT SHAH – TELEPHONIC TALK

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વાત કરી અને તેમને શક્ય તમામ કેન્દ્રીય સહાયની ખાતરી આપી. શ્રી શાહે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે રાજ્યમાં ભારે વરસાદ અને પૂર અંગે વાત કરી. શ્રી શાહે મુખ્યમંત્રીને ખાતરી આપી કે કેન્દ્ર સરકાર આ કટોકટીનો સામનો કરવા માટે મહારાષ્ટ્ર સરકારને શક્ય તમામ સહાય પૂરી પાડશે. ગૃહમંત્રીએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પણ રાજ્યમાં ભારે વરસાદ અને પાણી ભરાવાથી ઉભી થયેલી પરિસ્થિતિ અંગે વાત કરી અને કેન્દ્ર સરકારની શક્ય તમામ સહાયની ખાતરી આપી.

દરમિયાન, કેરળના મુખ્યમંત્રી વી.ડી. સતીસને એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વાયનાડ આપત્તિ અંગે તેમની સાથે ફોન પર વાત કરી હતી. તેમણે કહ્યું કે ગૃહમંત્રીએ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

# IMD

હવામાન વિભાગે દેશના મધ્ય અને પૂર્વીય ભાગોમાં ભારે વરસાદ અને વીજળી પડવાની શક્યતા વ્યક્ત કરતા ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, હરિયાણા, ચંદીગઢ અને હિમાચલ પ્રદેશમાં મધ્યમથી ભારે વરસાદ પડી શકે છે. આગામી 2-3 દિવસમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસુ સમગ્ર દેશમાં આગળ વધવાની ધારણા છે. પશ્ચિમ બંગાળના નીચલા ભાગ, સિક્કિમ, મહારાષ્ટ્ર, દરિયાકાંઠાના કર્ણાટક, પૂર્વી રાજસ્થાન, ગુજરાત, કોંકણ અને ગોવા અને દક્ષિણ કર્ણાટકના આંતરિક ભાગોમાં આજે મુશળધાર વરસાદ પડી રહ્યો છે.

દરમિયાન ત્રિપુરામાં હવામાન વિભાગે આજે પશ્ચિમ, ખોવાઈ, ધલાઈ અને ગોમતી જિલ્લાઓમાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

ગુજરાત રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં સાંજે છ વાગ્યા સુધીમાં 59 તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. દરમિયાન દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહીને પગલે વલસાડમાં તંત્ર સતર્ક થયું છે. દરમિયાન મધુબન બંધના 10 પૈકી 8 દરવાજા 4 મીટર સુધી ખોલીને 50 હજાર 679 ક્યુસેક પાણી દમણગંગા નદીમાં છોડવામાં આવ્યું છે.

# SHIVRAJ - REVIEW MEETING

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોમાં દેશના વિવિધ ભાગોમાં સારો વરસાદ પડ્યો છે, જેના કારણે વરસાદની અછત ધરાવતા જિલ્લાઓની સંખ્યા 262 થી ઘટીને 178 થઈ ગઈ છે. અલ નીનોની સંભવિત અસરની સમીક્ષા માટે નવી દિલ્હીમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં બોલતા ચૌહાણે જણાવ્યું હતું કે જૂનમાં 33 ટકા વરસાદની ખાધ નોંધાઈ હતી, પરંતુ જુલાઈમાં આ ખાધ ઘટીને 24 ટકા થઈ ગઈ છે.

(BYTE : SHIVRAJSINH CHAUHAN)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# US - IRAN

અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર તણાવ વધ્યો છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન સાથે સંઘર્ષનો અંત લાવવા માટે થયેલો કરાર હવે અસરકારક નથી. તેમણે કહ્યું કે તેમને હાલમાં ઈરાન સાથે વાટાઘાટો કરવાની કોઈ ઇચ્છા નથી. રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે તુર્કીની રાજધાની અંકારામાં નાટો સમિટ દરમિયાન યોજાયેલ પત્રકાર પરિષદમાં આ નિવેદન આપ્યું હતું. તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે હોર્મુઝ સામુદ્રધૂનીમાં ત્રણ તેલ ટેન્કર પર હુમલા બાદ તણાવ વધુ વધ્યો છે.

અગાઉ, ઈરાને બંદર શહેર મહશહર અને હોર્મોઝગન પ્રાંતમાં અમેરિકાના લશ્કરી થાણાઓ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરીને બદલો લીધો હતો. બદલામાં, અમેરિકાએ 80 થી વધુ ઈરાની લક્ષ્યો પર હવાઈ હુમલા કર્યા.

# FIFA-QUARTER-FINALS

FIFA વિશ્વ કપ માટે ક્વાર્ટર ફાઇનલમાં આઠ દેશોની ટીમો ભાગ લેશે. ફ્રાન્સ, મોરોક્કો, નોર્વે, ઇંગ્લેન્ડ, સ્પેન, બેલ્જિયમ, આર્જેન્ટિના અને સ્વિટ્ઝર્લેન્ડે 16 રાઉન્ડ જીતીને છેલ્લા આઠમાં પોતાનું સ્થાન બનાવ્યું છે. નોકઆઉટ સ્ટેજ હવે નિર્ણાયક તબક્કામાં પ્રવેશ કરે છે, જેમાં દરેક ટીમ સેમિફાઇનલમાં સ્થાન મેળવવાનું લક્ષ્ય રાખે છે.

ફ્રાન્સ શુક્રવારે પ્રથમ ક્વાર્ટર ફાઇનલમાં મોરોક્કોનો સામનો કરશે. મેચ દોઢ વાગ્યે શરૂ થશે. જ્યારે સ્પેન શનિવારે સાડા બાર વાગ્યે બેલ્જિયમ સામે ટકરાશે. રવિવારે, નોર્વે તેમના પ્રથમ FIFA વિશ્વ કપ ક્વાર્ટર ફાઇનલમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે, અને હાલના વિજેતા આર્જેન્ટિના અંતિમ ક્વાર્ટર ફાઇનલમાં સ્વિટ્ઝર્લેન્ડનો સામનો કરશે.

# DRUG-FREE INDIA - VIRENDRA KUMAR

સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયે જણાવ્યું છે કે દેશભરમાં 23 કરોડથી વધુ લોકો નશામુક્ત ભારત અભિયાનમાં અત્યાર સુધીમાં જોડાયા છે. આમાં 7 કરોડ 81 લાખથી વધુ યુવાનો, 5 કરોડ 24 લાખ મહિલાઓ અને 17 લાખથી વધુ શૈક્ષણિક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

કેન્દ્રીય સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી ડૉ. વીરેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે નશામુક્ત ભારત અભિયાન એક મહત્વપૂર્ણ રાષ્ટ્ર નિર્માણ પહેલ છે જે સ્વસ્થ અને શિસ્તબદ્ધ યુવાનો બનાવવા પર કેન્દ્રિત છે.

# ROHINI-BUILDING COLLAPSE

દિલ્હીના રોહિણી સેક્ટર 16 વિસ્તારમાં આજે સાંજે એક ઇમારત ધરાશાયી થઈ છે. દિલ્હી ફાયર સર્વિસના જણાવ્યા અનુસાર, કાટમાળ નીચે ચારથી પાંચ લોકો દટાયા હોવાની આશંકા છે. NDRFની બે ટીમો પણ બચાવ અને રાહત કામગીરીમાં તેહનાત છે. મળતી માહિતી મુજબ ઘટના સમયે ઇમારતના કેટલાક ફ્લેટમાં નવીનીકરણનું કામ ચાલી રહ્યું હતું.